सत्यमेव जयते

કેસ રજુ તારીખ:: ૨૮-૦૩-૨૦૨૪
કેસ દાખલ તારીખ: ૨૮-૦૩-૨૦૨૪
કેસ ફેસલ તારીખ: ૦૧-૦૭-૨૦૨૬

---

અવધિ:૦૨વર્ષ :૦૩ માસ:૦૩ દિવસ

---

**વાલીયાના મહેરબાન પ્રિન્સીપાલ સીવીલ જજ અને જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ,મુ. વાલીયા, જી.ભરૂચ.**

---

**<u>રેગ્યુલર મુકદમા કેસ નંબર-૧૨/૨૦૨૪</u>**
**આંક- ૬૦**

વાદી:- ૧. દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ,
સબ ડીવીઝન ઓફીસ વાલીયા,
તા.વાલીયા,જી.ભરૂચ.

**વિરુધ્ધ**

પ્રતિવાદી:- ૧. સોલંકી નટરવરસિંહ છત્રસિંહ
રહે.-પટેલ ફળીયું,
મું.મેરા,તા.વાલીયા,જી.ભરૂચ.

---

**વાદી તર્ફે વિ.વ.શ્રી.વી.આર.નરોલીઆ.**
**પ્રતિવાદી તર્ફે વિ.વ.શ્રી. ડી.પી.ખેર**

---

દાવો:- **<u>રૂ.૧,૦૫,૨૪૮.૯૦/- પૈસાનાં આંક થી વીજચોરીના બીલની રકમ વસુલ મેળવવા માટેનો.</u>**

..........................................................................................

**-: ઠરાવ :-**

(૧)...વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી દક્ષિણ ગુજરાત વીજ કંપની લિ. કાયદા મુજબની સ્થાપિત થયેલ એક વીજ કંપની છે અને વાદીની વીજ કંપનીની રજીસ્ટર્ડ ઓફીસ નાના વરાછા રોડ, કાપોદ્રા,સુરત મુકામે આવેલ છે અને વાદી વીજ કંપનીનુ કાર્યક્ષેત્ર દક્ષિણ ગુજરાતમાં વીજ પ્રવાહનુ વિતરણ કરવાનુ છે અને તે માટે વાદીની અલગ અલગ જગ્યાએ અલગ અલગ ઓફીસો આવેલ છે અને તે પૈકીને એક સબ ડિવિઝન ઓફીસ વાલીયા મુકામે આવેલ છે. વધુમા પ્રતિવાદી ઉપર જણાવેલ સરનામે રહે છે અને આ કામના પ્રતિવાદી વાદી વીજ કંપનીના ગ્રાહક છે.જેમનો **ગ્રાહક નંબર-૦૩૭૦૫૦૦૫૧૭૦ છે**.તા. ૦૩/૦૬/૨૦૨૨ ના રોજ વીજ ચોરી શોધી કાઢવા ટીમ બનાવી તે ટીમના અધિકારીઓએ પ્રતિવાદીના સ્થળ ઉપર વીજ ચેકીંગ કરતા વીજ પ્રતિવાદીએ પોતાના ઘરમાં લોડ સાથેનાં ફ્યુઝમાં પીળા રંગનો પ્રાઈવેટ વાયર સીધે સીધો નજીકમાં આવેલ હળવા દબાણ ધરાવતી વીજ રેસા સાથેના થાંભલાની ૧-૦ એસીબી કેબલ સાથે જોડી દઈ વીજમીટર હોવા છતા વીજમીટરમાં વીજવપરાશ યુનીટ નોંધાઈ નહી તેમ કાયમી વ્યવસ્થા કરી વીજ ચોરી કરતા રંગે હાથ ઝડપાયેલા છે. અને પ્રતિવાદી સ્થળ ઉપર હાજર હોય, સદર કેસ વીજ ચોરીનો બનતો હોય, આમ તે બાબતે કંપનીના નિયમ મુજબ આગળની કાર્યવાહી કરેલ છે. સદર કેસ વીજ ચોરીનો બનતો હોય, અને પ્રતિવાદી સ્થળ ઉપર હાજર હોય જેથી પ્રતિવાદીનું નિવેદન લીધેલુ અને તેના ઉપર પ્રતિવાદીએ વીજ કંપનીના અધિકારી રૂબરૂ સહી/અંગુઠાનું નિશાન કરી આપેલું અને ત્યારબાદ વીજ ચોરીનો કેસ બનતો હોવાથી સદર કેસની આગળની કાર્યવાહી ચલાવવામાં આવેલ અને ચેકીંગ સમયે પ્રતિવાદીનો કનેકટેડ લોડ જોતા **કુલ લોડ ૨૫૦૮ વોટ** માલુમ પડેલ અને તમામ હકીકતની નોંધ ગ્રાહકના નિવેદનમા કરવામાં આવેલ. આમ,પ્રતિવાદીએ વીજ ચોરી આચરેલ હોય કંપનીના નિમય મુજબ **રૂ.૯૦,૩૪૪.૮૨**/-નું વીજ ચોરીનું બીલ એનેક્ષર-

જી સાથે પ્રતિવાદીને મોકલવામાં આવેલ.ધી ઈન્ડીયન ઈલેકટ્રીક સીટી એકટ– ૨૦૦૩ ની કલમ–૧૩૫ હેઠળ ગણતરી કરી પ્રતિવાદી ને થેફ્ટ બીલ **રૂ.૯૦,૩૪૪.૮૨**/– નું આપવામાં આવેલ જે રકમ પ્રતિવાદી એ ભરપાઈ કરેલ નથી. આમ, વીજ ચોરીના બીલ ના રૂ.**૯૦,૩૪૪.૮૨**/– તથા ડીલે પેમેન્ટ ચાર્જીસના **રૂ.૧૪,૯૦૪.૮૨**/–પૈસા મળી કુલ **રૂ.૧૦૫૨૪૮.૯૦/–** પૈસા બાકી નીકળે છે. જેથી હાલનો દાવો કરી દાવા અરજી પેરા નં–૯ માં એવી દાદ માંગેલ છે કે, વાદીએ પ્રતિવાદી પાસે બાકી નીકળતા લેણા પેટે રૂ.**૯૦,૩૪૪.૮૨**/–તથા ડીલે પેમેન્ટ ચાર્જીસના રૂ.૧૪,૯૦૪.૮૨/–મળી કુલ રૂ.**૧,૦૫,૨૪૮.૯૦**/– વસુલ મેળવવાના થાય છે, જે લેણી રકમ મેળવવા વાદીએ લેખિતમાં પત્રો અને નોટીસો ધ્વારા માગણી કરેલ હોવા છતાં પ્રતિવાદીએ સદરહુ રકમ ભરેલ ન હોઈ, જે રકમ દાવાના ખર્ચ સહિત તેમજ દાવા તારીખથી ૧૮ % ના ચઢતા વ્યાજ સાથે પ્રતિવાદીની જાત, જંગમ તથા સ્થાવર મિલ્કતમાંથી વાદી કંપની વસુલ મેળવી શકે તેવું હુકમનામું કરી આપવા દાદ માંગેલ છે.

(૨)...સદર દાવાનો આંક–૦૫ થી સમન્સની ધોરણોસર બજવણી થઈ ગયેલ અને પ્રતિવાદી કોર્ટ સમક્ષ હાજર રહેલ અને આંક–૦૯ થી જવાબ રજુ કરવામા આવલ છ. જેમાં તેઓએ વાદીની દાવાઅરજી આંક–૧ ની હકીકતો ખોટી તથા ગળેપડે હોવાથી તે પ્રતિવાદીઓને કબુલ નથી.વાદીની દાવા અરજીમાંની સ્પષ્ટપણે કબુલ રાખ્યા સિવાયની તમામ હકીકતોનો પ્રતિવાદીઓ ઈન્કાર કરે છે.વાદીની દાવા અરજીના પેરા–૧ માં જણાવેલી હકીકતો બાબતે ખાસ તકરાર નથી. વાદીની દાવાઅરજીના પેરા–૨ ની હકીકતો બાબતે જણાવવાનું કે, અમો વાદી સંસ્થાના ગ્રહક છીએ તે હકીકત તથા અમારા ગ્રાહક નંબર બાબતે ખાસ તકરાર નથી. પંરતુ અમોએ અમારા કયા નંબર ના મકાનમા ચોરી કરી વીજ વપરાશ કરેલ છે તે મકાન નંબર ઈરાદાપુર્વક જણાવેલ નથી. પરંતુ વીજ ચોરીની જે હકીકત જણાવી છે તે ખોટી છે તથા રોજકામ કરેલાની હકીકત ખોટી છે. અમો પ્રતિવાદીએ કોઈ પણ જાતની વીજ

ચોરી કરેલ નથી. તથા વાદીએ જે લોડ બતાવેલ છે તે ખોટો છે. તેમજ એ સી લોડ ઈરાદાપુર્વક વધારે બતાવેલ છે. તેમજ દાવા અરજીમા જણાવ્યા મુજબ તા ૦૩/૦૬/૨૦૨૨ ના રોજ વરસાદ પડી ગયેલ હતો જેથી એ.સી તથા પંખા ચલાવવાનો કોઈ પ્રશ્ન ઉભો થતો નથી. તેમજ વીજ બીલ પણ ઈરાદાપુર્વક ખોટો આપેલ છે અને લોડ પણ ખોટો જણાવેલ છે. બનાવના સમયે દાવા અરજીમા જણાવ્યા મુજબ વીજ વપરશના કોઈ સાધનો ચાલુ હતા નહી.

(૨.૧) વધુમા વાદીના દાવા ના પેરા નંબર-'૩ ની હકીકતો ખોટી હોવાથી કબુલ નથી. વાદી એક એવી સંસ્થા છે કે તેનુ કોઈ હરીફ નથી. વાદી સંસ્થા તથા કર્મચારીઓ મનસ્વી રીતે ગમે તે ઈસમને ગમે તે ઈરાદે હેરાન કરી શકે છે અને ધારે એટલી રકમ તેની પાસેથી કઢાવી શકે છે. અમો પ્રતિવાદી નિયમીત વીજ વપરાશનો બીલ ભરીયે છીએ,પંરતુ ઈરાદા પુર્વક કહેવાતો ખોટો કેસ ઉભો કરી ખોટો વીજ વપરાશ જણાવી ખોટુ બીલ આપી તથા ડીલે પેમેન્ટ ચાર્જીસ ચઢાવવા પ્રયત્ન કરેલ છે જે ગેરકાયદેસર છે. વાદીએ સદર પેરા મા જે આંકડાકીય રમત કરી ને જે રૂ ૯૦,૩૪૪.૮૨/- પૈસાનુ વીજ ચોરી નુ બીલ આપેલ છે તે બીલ કયા કોસ્ટક આધારે અને કઈ ગણતરી થી આપેલ છે તે હકીકત સ્પષ્ટ જણાતી નથી. માત્ર મનમોજી આંકડા અમો પ્રત્યે માત્ર કીન્નાખોરી રાખીને બીલ આપેલ છે અને ડીલે પેમેન્ટ ચાર્જીસ ના રૂ ૧૪,૯૦૪.૮૨/- પણ કઈ રીતે ગણેલા છે તે જણાવેલ નથી અને અમારી પાસે ઘર વપરાશના રૂ ૧,૦૫,૨૪૮.૯૦/- પૈસા બાકી કાઢેલા છે તેનો કોઈ હીસાબજ નથી.અમો ઘર વપરાશના આટલા બધા રૂપિયાની વીજળી નો ઉપયોગ કઈ રીતે કરી શકીએ તે વાદીની દાવા અરજી પરથી ફલીત થતુ નથી. તે હકીકતજ વાદીની તથા અધિકારીઓ તથા કર્મચારીઓ દુષિત માનસીકતા છતી કરે છે અને અમો વાદીને વીજ કંપની દવારા બીલ ની કંપાઉન્ડીગ રકમ ભરવા માટે નોટીસ આપવામા આવેલી અને જેમા કંપાઉન્ડીગ રકમ રૂ ૨,૫૦૮/- ની માંગણી કરેલ જે બાબતે પ્રતિવાદી વાદીને ચેક લેવાની ના પાડેલી અને જણાવેલ કે તમારે કોર્ટમા પૈસા ભરવા પડશે. જે બાબતે અમો પ્રતિવાદીએ ફેકસથી અધિક્ષક ઈજનેર સાહેબ વર્તુલ ભરૂચનાઓને તા ૨૩/૦૬/૨૦૨૨ ના રોજ જાણ કરેલી પરંતુ તે બાબતે કોઈ કાર્યવાહી કરેલ નહી. વાદીના દાવાની પેરા નંબર-૪,૫,૬,૭ અને ૮ ની હકીકતો ખોટી હોય

અમોને કબુલ મંજુર નથી.

(૨.૨) વધુમા પ્રતિવાદી જણાવે છે કે, અમો પ્રતિવાદીના પતિ વાલીયા તાલુકાના સામાજીક કાર્યેકર છે અને તેઓ વિભાગીય ઉપ પ્રમુખ ,કીસાન સંઘ ભરૂચ જીલ્લા નો હોદદો ધારણ કરે છે તથા આંતર રાષ્ટ્રીય માનવ અધિકાર પંચના સભ્ય છે ,તથા વસંધરા મંડળી ના માજી ચેરમેન છે અને ભરૂચ જીલ્લા સહકારી સંઘના માજી ડીરેકટર છે જેથી તેઓ લોકોની રજુઆતો કરવા માટે આગળ પડતા હોય,અને અમો પ્રતિવાદીને વાદી સંસ્થાના કર્મેચારી ચિરાગ શાહ જે જુનીયર ઈજનેર હતા તથા રાજેશભાઈ તથા બીજા એક ઈસમ જોડે તા ૧૩/૧/૨૦૨૦ ના રોજ ટ્રાન્સફોર્મે પર ચેનલ મુકવા બાબતે મારા પતિ નટવરસિહ છત્રસિહ સોલંકી એ રજુઆત કરતા ચીરાગ શાહ તથા રાજેશભાઈ તથા બીજા ઈસમે મારા પતિ જોડે ઉધ્ધત વર્તેન કરેલ જે બાબતે મારા પતિએ અંકલેશ્વર વિભાગીય કચેરીમા રજુઆત કરતા સંસ્થા દવારા વિભાગીય કચેરીના પત્રક ક્રમાંક એમ.આર.૧૯/૧૪૯ તા ૨૧/૧૨ ના અનુસંધાને અમો પ્રતિવાદીનો દક્ષિણ ગુજરાત વીજ કંપનીના અધિકારી શ્રી એને.જે.ચૌહાણ દવારા મારા પતિ નુ નીવેદન લેવામા આવેલ. ત્યારબાદ આ કામના વાદી સંસ્થાના જવાબદાર અધિકારી કર્મેચારીઓએ મારા પતિ નુ કીસાન સંઘ ગુજરાત ના ઉપ પ્રમુખ ના નામનુ બોગસ લેટર પેડ બનાવી ખોટી અરજીઓ અને બોગસ સહીઓ કરેલી જે બાબતે મારા પતિ ને જાણ થતા તેની તપાસ શ્રી ડી.વાય.એસ.પી.સરવૈયા સાહેબનાઓ એ કરવાની હોવાથી તેઓ તરફથી અમોને સમન્સની બજવણી કરાવીને મારા પતિ ને કાપોદ્રા કોર્પોન્દ્રા કોર્પોરેટ ઓફીસ સુરતમા હાજર રાખેલા. અને તેમના નામથી કરવામા આવેલી અરજીની નકલ બતાવેલ. જે જોઈને તેઓએ બતાવેલ કે, આ અરજી તેએએ કરેલ નથી કે તેમા કરેલ સહી પણ તેઓએ કરેલ નથી. તે મતલબનુ તેઓએ નીવેદન આપેલ અને અમો પ્રતિવાદીના પતિ એ અરજી તથા નીવેદનો ની નકલો ની અરજીઓ તથા માંગણી કરેલી પરંતુ હાલ દક્ષિણ ગુજરાત વીજ કંપની મા સુરત ખાતે તકેદારી અધિકારીની પોસ્ટ ખાલી છે તેમ જણાવતા મારા પતિએ ગુજરાત ઉર્જા વિકાસ નીગમની બરોડામા નીમણુક કરવા અંગે અરજી કેરલી. જે અમારી તમામ હકીકતો બાબતની રીશ રાખીને મારા ઘરે સ્પેશયલ

કેસમા રેડ કરાવી ખોટુ રોજ કામ કરી મને તથા મારા પત્ની ઉપર ખોટા વીજ ચોરીના કેસો બનાવેલ છે. અમો પ્રતિવાદીએ લોક સેવા અર્થે રજુઆત કરતા જેની રીસ રાખી મને હેરાન કરવા સદર દાવો કરવામા આવેલ છે.

(૩)... આ કામે વાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

**-:: મૌખિક પુરાવો::-**

| સાહેદ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૨૬ | વાદી તરફે શૈલેષકુમાર કાંતિલાલ નાયટા ની સોગંદનામું |
| ૨ | ૩૩ | વાદી તરફે સાહેદ ચિંતન કુમાર રમેશ ચંદ્ર નાઓનુ સોગદનામુ |

**-:: દસ્તાવેજી પુરાવો::-**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૧૩ | ઓફીસ નોટની અસલ |
| ૨ | ૧૪ | પ્રોફોર્મા નં.૧૨ ની અસલ |
| ૩ | ૧૫ | ડી.પી.સી.કેલ્યુલેશન શીટની અસલ |
| ૪ | ૧૬ | પ્રતિવાદી પાસે બાકી પડતી રકમનું સ્ટેટમેન્ટ અસલ |
| ૫ | ૧૭ | પ્રતિવાદીની બીલીંગ વિગત અસલ |
| ૬ | ૧૮ | વાણીજ્ય પરિપત્ર નં.૩૪૫ મુજબ નોટીસની સ્થળપ્રત અસલ |
| ૭ | ૧૯ | એનેક્ષર-જી ની ઓ.સી.નકલ |
| ૮ | ૨૦ | પુરવણી બીલની ઓ.સી.નકલ |
| ૯ | ૨૧ | એનેક્ષર -સી ની ઓ.સી.નકલ |
| ૧૦ | ૨૨ | વીજચોરી બાબતે આપેલ ફરીયાદની ઓ.સી.નકલ |
| ૧૧ | ૨૩ | એફ.આઈ.આર.ની ઓ.સી.નકલ |
| ૧૨ | ૨૪ | ગ્રાહકના નિવેદનની ઓ.સી.નકલ |
| ૧૩ | ૨૫ | સીવીલ દાવો મંજુર કરવા માટે મંજુરીનો પત્રની ઓ.સી.નકલ |

(૪)... આ કામે પ્રતિવાદી તરફે નીચે મુજબનો પુરાવો રજુ કરેલ છે.

| સાહેદ નંબર | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૭ | પ્રતિવાદી તરફે સીવીલ પ્રોસીજર કોડ ઓર્ડર–૧૮ રૂલ–૪ મુજબ પ્રતિવાદીની સોગંદ પરની જુબાની |
| ૨ | ૫૫ | પ્રતિવાદી તરફે સાહેદ ઘનશ્યામસિહ અનોપસિહ ની સોગદ પર જુબાની |

**–:: દસ્તાવેજી પુરાવો::–**

| અનુ.નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧ | ૩૯ | પ્રતિવાદીએ તા.૧૩–૦૧–૨૦ ના રોજ આપેલ નીવેદનની નકલ |
| ૨ | ૪૦ | વાદીએ પ્રતિવાદીને આપેલ રૂ.૯૨,૮૫૨ ના બીલની રકમ |
| ૩ | ૪૧ | વાદીએ પ્રતિવાદીને આપેલ રૂ.૯,૪૫૩ ના બીલની રકમ |
| ૪ | ૪૨ | પ્રતિવાદીએ લખેલ એ સી પે થી ચેક નંબર–૩૦૬૦૩૮ રૂ. ૫૦૦૦/–ની અસલ નકલ |
| ૫ | ૪૩ | પ્રતિવાદીએ લખેલ એ સી પે થી ચેક નંબર–૩૦૬૦૩૭ રૂ. ૪૪૫૩.૦૬/–ની અસલ નકલ |
| ૬ | ૪૪ | પ્રતિવાદીએ ફેકસથી જાણ કરેલ કોપી |
| ૭ | ૪૫ | પ્રતિવાદીએ ફેકસથી જાણ કરેલ કોપી |
| ૮ | ૪૬ | પ્રતિવાદીએ વીજીલન્સ વિભાગને નકલો મેળવવા કરેલી અરજીની નકલ |
| ૯ | ૪૭ | પ્રતિવાદીએ ગુજરાત ઉર્જા વિકાસ નીગર લી.વડોદરાને તકેદારી અધિકારીની નીમણુક બાબતે લખેલ પત્રની નકલ વિભાગને નકલો મેળવવા કરેલી અરજીની નકલ |

આ સિવાય વાદી તરફે અન્ય મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.તેમજ વાદી તરફે આંક–૩૫ થી કલોઝીંગ પુરસીસ રજુ થયેલ છે.પ્રતિવાદી

દવારા આંક–૫૯ થી કલોવજીગ પુરસીસ આપેલ છે.

(૫)... ઉપરોકત દાવાના કામે આંક–૧૧ થી નીચે મુજબ મુદ્દાઓ મારા દ્વારા ઉપસ્થીત કરવામાં આવેલ છે.

**–:: મુદ્દા ::–**

| | |
|---|---|
| 1. | શું વાદી સાબિત કરે છે કે,પ્રતિવાદી વીજ કંપનીના ગ્રાહક છે અને તેઓનો ગ્રાહક નંબર–૦૩૭૦૫૦૦૧૩૫૩ છે? |
| 2. | શું વાદી સાબીત કરે છે કે,વાદી કંપનીએ વીજ ચોરી શોધી કાઢવા તા ૦૩/૦૬/૨૦૨૨ ના રોજ ટીમ બનાવેલ અને પ્રતિવાદીના ઘરે વીજ ચેકીગ દરમ્યાન તેઓના નિવાસ અને ઘરે પોળ પરથી ડાયરેકટ પીળા રંગનો ૨ કોર સર્વિસ વાયર ઘરની આગળથી પસાર થતી હળવા દબાણની ૨ કોર એ.બી.સી.પર જોડી સીધો લોડ બાજુના ફયુજ મા જોડી બાયપાસ કરી વીજ ચોરી કરી રંગે હાથો પકડાયેલ? |
| 3. | શુ વાદી વીજ કંપની સાબીત કરે છે કે, પ્રતિવાદીના ઘરે ચેકીંગ સમયે કુલ વોડસ ૨૫૦૮ પંચ–૨ મુજબ હતો? |
| 4. | શું વાદી વીજ કંપની સાબીત કરે છે કે,વાદી વીજ બીલ ની રકમ રૂ ૯૦,૩૪૪.૮૨/– પૈસા તથા ડીલે પેમેન્ટ ચાર્જે રૂ ૧૪,૯૦૪.૮૨ પૈસા મળી કુલ રૂ ૧,૦૫,૨૪૮.૯૦/– વસુલ મેળવવા હકકદાર છે? |
| 5. | શુ પ્રતિવાદી સાબીત કરે છે કે,વાદીએ જે વીજ બીલ આપેલ છે તે ખોટુ આપેલ છે? |
| **6** | શું વાદી દાવામાં જણાવ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે? |
| **7** | શુ હુકમ અને હુકમનામુ |

(૬)... ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણય નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧. | હકારમાં. |
| ૨. | હકારમા |
| ૩. | નકારમા |
| ૪. | નકારમા |
| ૫. | હકારમા |
| ૬. | નકારમા |
| ૭. | આખરી હુકમ મુજબ |

(૭)... વાદી તરફે તેઓના વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળવામાં આવી છે તેઓ તેમની દલીલમાં જણાવે છે કે, વાદી ઈલેકટ્રીકસીટી ઉત્પાદન અને વિતરણ કરતી સંસ્થા છે. આ કામના પ્રતિવાદી એ લાઈટીંગના હેતુ માટે વિજ જોડાણ કરવા કાયદેસર ની કાર્યેવાહી કરેલ અને તે મુજબ પ્રતિવાદી ના નામે ગ્રહક નં **<u>૦૩૭૦૫૦૦૫૧૭૦</u>** થી વીજ કનેકસન આપવામાં આવેલ અને વીજ વપરાશ માટે વાદી તરફથી વખતો વખત ના વીજ બીલો પ્રતિવાદી ને આપવામાં આવેલ. પ્રતિવાદી એ વાદી ને વિજ વપરાશના બીલ ની રકમ રૂ ૯૦,૩૪૪.૮૨/−૦૦ પૈસા વસુલ આપેલ નથી અને આ રકમ બાકી લેણા રહે છે. જે નાણા પ્રતિવાદી પાસે અનેકવાર ઉઘરાણી કરવા છતાં વસુલ આપેલ નહી. આથી વાદીએ નોટીશ આપેલ તેમ છતા કોઈ રકમ વસુલ નહી. આથી પ્રતિવાદી પાસે વાદીના ડી.પી.સી.ના રૂ ૧૪,૯૦૪.૮૨/−૦૦ મળી કુલ રકમ રૂ. ૧,૦૫,૨૪૮.૯૦/− પૈસા વસુલ મેળવવા વાદીએ હાલનો દાવો કરેલ છે અને તે અંગેનો પુરતો પુરાવો રેકર્ડ ઉપર રજુ કરી તેઓએ દાવાની હકીકત પુરવાર કરેલ છે. પ્રતિવાદી તરફે પણ મૌખિક દલીલો કરવામા આવેલ છે અને જણાવવામા આવેઢલ છે કે, પ્રતિવાદીઓ એ. કોઈ વીજ ચોરી કરેલ નથી અને માત્ર અને માત્ર હેરાન પરેશાન કરવાના ઈરાદાથી વાદી દવારા સદર ખોટુ કેસ પ્રતિવાદી વિરૂધ્ધ દાખલ કરવામા આવેલ છે.

(૮) **ઉપરના મુદાઓના આ કોર્ટે ના નિર્ણયો માટાના કારણો નીચે મુજબ છે.**

**<u>:: કારણો ::</u>**

(૯)... આ કામે વાદીએ પોતાનો કેસ પુરવાર કરવા માટે **આંક−૨૬ થી આ કામના વાદી શૈલેષકુંમાર કાંતીલાલ નાચટા નાઓએ સરતપાસનું** સોગંદનામુ રજુ કરેલ છે.જેમાં દાવા અરજીની હકીકતને સમર્થનરૂપ પુરાવો રજુ કરેલ છે. આ કામે વાદીએ રજુ કરેલ આંક−૨૬ સોગંદ ઉપરના પુરાવાનું પ્રતિવાદી ઉલટ તપાસ કરવામાં આવતાં તેમા તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, અમારી ઓફીસમાં ચિરાગ શાહ અને રાજેશ સોનકુસરે નામના બે કર્મચારી હતા. એ વાત ખરી છે કે, બનાવ વખતે હું હાજર ન હતો.

સવાલ: તમે રેકર્ડ જોઈને જણાવો કે, કયાં આંકથી રજુ કરેલું છે?

જવાબ: રેકર્ડ જોતાં તેમાં આવુ રેકર્ડ રજુ કરેલ નથી.

એ વાત ખરી છે કે, કોઈપણ મીટર અમારી ઓફીસે કોઈ જગ્યાએથી કબજે કરવું હોય તો તેનું પંચનામું કરવું પડે. એ વાત ખરી છે કે, સદર પંચનામાં અમારે મીટરની સ્થિતિ, મીટરનું રીડીંગ, મીટરની સીલ બાબતની સ્થિતિ વગેરે દર્શાવવું પડે છે. એ વાત ખરી છે કે, પંચનામામા લોકલ પંચ જરૂરી છે. એ વાત ખરી છે કે, આ કામે મીટર કબજે કર્યાનું પંચો રૂબરૂ કોઈ પંચનામું કરવામામં આવેલું નથી. એ વાત ખરી છે કે, દરેક ગામમાં વીજ ટ્રાન્સફોરમર મુકવામાં આવતું હોય છે. એ વાત ખરી છે કે, વીજ ટ્રાન્સફોરમર તેના પરથી જ જેતે ગામની વીજ લોસની ગણતરી થઈ શકે છે. એ વાત ખરી છે કે, આ કામે અમો દ્વારા વીજળીની કેટલી લોસ છે તે બતાવેલ નથી.

સવાલ: વીજ બીલમાં કમ્પાઉન્ડીંગ રકમ શા માટે લખવામાં આવે છે?

જવાબ: પ્રથમવાર ગ્રાહક દ્વારા વીજ ચોરી કરવાના કીસ્સામાં કાનુની કાર્યવાહી એટલે કે, માંડવાળ માટે કમ્પાઉન્ડીંગ કરવામાં આવે છે.

સવાલ: કમ્પાઉન્ડીંગ કાર્યવાહીમાં જે રકમ બીલમાં બતાવવામાં આવેલ હોય તે બીલની રકમ જે વ્યકિતને બીલ મોકલવામાં આવેલ હોય અને તે વ્યકિત તે બીલ ભરે તો શું કાર્યવાહી કરવામાં આવે છે?

જવાબ: કમ્પાઉન્ડીંગ રકમ અમારી કચેરીમાં પુર્ણ બીલ ભરેથી સ્વીકારવામાં આવે છે.

સવાલ: આ કામે પ્રતિવાદી તમારી ઓફીસમાં તારીખ ૨૩/૦૬/૨૦૨૨ ના રોજ રૂપિયા ૫૦૦૦/– ચેક લઈને આવેલા હોવા છતાં તેને સ્વીકારવામાં આવેલો નહી?

જવાબ: સદર હકીકત બાબતે મને ખબર નથી.

સવાલ: વીજ બીલમાં જે ડીલે પેમેન્ટ ચાર્જીસ બતાવવામાં આવે છે તે કેટલા ટકા પ્રમાણે ગણવામાં આવે છે?

જવાબ: ૧૮ ટકા પ્રમાણે વાર્ષિક લેવામાં આવે છે.

સવાલ: તમોને આંક–૧૩ વાળો દસ્તાવેજ ઓફીસ નોટ બતાવવામાં આવે છે તે જોઈને કહો કે, તેમાં રૂપિયા ૫૦૦૦/– સુધીની રકમનો દાવો કરવાનું જણાવેલ છે?

જવાબ: તે વાત ખરી છે.

સવાલ: તમોને આંક–૧૩ વાળો દસ્તાવેજ ઓફીસ નોટ બતાવવામાં આવે છે તે જોઈને કહો કે, તેમાં રૂપિયા ૫૦૦૦૦/– સુધીની રકમનો દાવો કરવાનું જણાવેલ છે?

જવાબ: તે વાત ખરી છે.

સવાલ: તમોને આંક–૧૮ વાળો દસ્તાવેજ વાણીજય પરીપત્ર નંબર ૩૪૫ મુજબની નોટીસની સ્થળપ્રત બતાવવામાં આવે છે તે જોઈને કહો કે, તેમાં લેબર ચાર્જીસીસ રૂપિયા ૧૭૫/– , રી કનેકશન ચાર્જ ૧૧૮/–, પોસ્ટજ ચાર્જ ૫૦/– બતાવેલ છે. જેમાં લેબર ચાર્જ કેવી રીતે, રી કનેકશન ચાર્જ તથા પોસ્ટેજ ચાર્જ કેવી રીતે ગણેલ છે તે બતાવો?

જવાબ: કંપનીની પ્રવર્તમાન નિયમો અનુસાર લેવામાં આવે છે.

સવાલ: તે નિયમોને લગતુ કોઈ રેકર્ડ રજુ કરવા માંગો છો?

જવાબ: રજુ કરીશું.

સવાલ: આ દાવાના કામે તમો ચિરાગ શાહ તથા રાજેશભાઈને તમે સાક્ષી તરીકે તપાસવા માંગો છો?

જવાબ: ના જી.

(૯.૧)વાદી દવારા આંક–૩૩ થી સાહેદ ચિંતનકુમાર રમેશચંદ્ર દવારા સોગદ પર જુબાની આપવામા આવેલ છે તેમા તેઓએ વાદીના દાવાના સમર્થનમા જુબાની આપેલ છે,ત્યારબાદ પ્રતિવાદી ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસમા તેઓ સ્વીકારે છે કે,સવાલ: દરેક ગામના ટ્રાન્સફોર્મર પર મીટર મુકવામાં આવે છે?

જવાબ: અમુક જગ્યાએ મીટર હોય અને અમુક જગ્યાએ ના પણ હોય દરેક જગ્યાએ મીટર હોય તે જરૂરી નથી.

સવાલ: વીજચોરીના કામમાં તમે વિગતવારનું પંચનામું કરેલ નથી?

જવાબ: અમારા ચેકીંગ સીટની અંદર જ ઉલ્લેખ આવે છે.

સવાલ: આ કામે તમે માલીકીની ખરાઈ કરેલી નથી?

જવાબ: લાઈટ બીલ ઉપર જે નામ આવતું હોય તેનો જ ઉલ્લેખ ચેકીંગ સીટમાં થાય

છે માટે તે માલીક છે કે નહી તે ખરાઈ કરવાની જરૂર નથી.

(૧૦) પ્રતિવાદી દવારા આંક– ૩૭ થી સોગદનામુ રજુ કરેલ છે તેમા તેઓએ આંક–૯ થી આપેલ જવાબના સમર્થેન મા જુબાની આપેલ છે,ત્યારબાદ વાદી ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, હું ખેતી કામ કરું છું. એ વાત ખરી છે કે, જે દિવસે મારા ઘરે વીજ ચોરી પકડાઈ તે દિવસે જીઈબીના અધિકારી રૂબરૂ મારું નિવેદન લેવામાં આવેલ આ નિવેદન આંક–૨૪ થી રજુ છે જે મને બતાવવામાં આવે છે તે જોઈને કહું છું કે જેમાં મારી સહી છે. એ વાત ખરી છે કે, ત્યારબાદ મને વીજચોરીનું બીલ આપવામાં આવેલ. એ વાતની મને ખબર નથી કે, આ વીજ ચોરી વિરુધ્ધ જી.યુ.વી.એન.એલ.પોલીસ સ્ટેશન ભરૂચ ખાતે મારી વિરુધ્ધ એફ.આઈ.આર થયેલ છે. એ વાત ખરી છે કે, વીજચોરીનું બીલ ભરેલું નહી જેથી ડી.જી.વી.સી.એલ.તરફથી આર.પી.એડી. તા.૨૮/૦૯/૨૦૨૨ ના રોજ મને નોટીસ આપવામાં આવેલી અને તેના એકનોલેજમેન્ટ પર મે સહી કરેલી. એ વાત ખરી છે કે, મને આ વીજચોરીનું બીલ આપવામાં આવેલું તેના વિરુધ્ધ મે કોઈપણ કોર્ટમાં કાયદેસરની કાર્યવાહી કે વાંધો રજુ કરેલો નથી. એ વાત ખરી નથી કે, આ કામે અમોએ જે જવાબ રજુ કરેલો તેના વિશે અમોને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી નથી કે, અમોએ આ કામે રજુ કરેલ સરતપાસમાં શું લખેલ છે તેની મને કોઈ જાતમાહિતી નથી. એ વાત ખરી નથી કે, મારે વીજચોરીના બીલના પૈસા ભરવા ના પડે તે સારૂ હાલની ખોટી જુબાની આપું છુ.

(૧૦.૧) પ્રતિવાદી દવારા આંક– ૫૫ થી સાહેદ ઘનશ્યામસિહ નાઓને તપાસેલ છે તેમા તેઓ જણાવે છે કે, હુ હાલમા મદદનીશ પોલીસ' કમીશનર તરીકે સુરત શહેર ખાતે ફરજ બજાવુ છુ. મને આજરોજ કોર્ટે મા આવવા માટે સમન્સ બજેલ છે.હુ આજરોજ મારી સાથે અરજદાર શ્રી નટવરસિહ છત્રસિહ ના કીશાન સંઘ ભરૂચ જીલ્લા લેટર પેડ ઉપર કરવામા આવેલ અરજી ની ખરી નકલ તેમજ આ અરજીની અનુસંધાને અમોએ અરજદાર શ્રી ને તેઓની અરજીની અનુસંધાને જરૂરી અમારા પુરાવા સાથે અમારી સમક્ષ હાજર રહેવા માટે આપેલ નોટીસ ની ખરી નકલ

અને અરજદાર શ્રી નો. અરજીના સંઘાને લેવામા આવેલ નીવેદન ની ખરી નકલ લાવેલ છુ. હુ મારી સાથે લાવેલ ઉપરોકત તમામ દસ્તાવેજોની ખરી નકલ સ્વખુશીથી રજુ કરુ છુ જેને દાખલ આંક–૫૬,૫૭,૫૮ આપવામા આવે છે.

વાદી ના વકીલ શ્રી દવારા કરવામા આવેલ ઉલટ તપાસ મા તેઓ સ્વીકારે છે કે, એ વાત ખરી છે કે, અમોએ અરજદાર શ્રી એ કરેલ અરજી અનુસંધાને અરજદાર સિવાય કોઈનુ નીવેદન લીધલ નથી. એ વાત ખરી છે કે, અરજદારની સદર અરજીની કરવામા આવેલ તપાસ અનુસંધાને કાઈ કેસ દાખલ થયલ નથી. એ વાત ખરી છે કે, સદર દાવાના કામે પ્રતિવાદી વીજ ચોરી કરતા પકડાયલ હાય તે બાબતે અમાને કાઈ માહીતી નથી.

**–::પુરાવાનો પુથકરણ::–**

પુરાવો તથા સાબિતી આ બંને શબ્દો પ્રથમ દર્શને એકસરખો અર્થ ધરાવતા હોઈ તેમ જણાય. વાસ્તવમાં પુરાવાનો બોજો કોઈ પક્ષકાર પર હોતો નથી પરંતુ સાબીતીનો બોજો પક્ષકાર ઉપર હોય છે. સાબીતી એટલે કે,પુરાવાની અસર એમ કહી શકાય તેમજ સાબીતી એટલે પુરવાર થવુ તે એટલે કે,ઁ.ચફઅભર્મ કોઈ હકીકત સાબીત થાય તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણે કોઈ બાબત કે હકીકત સાબીત થાય. કેટલીક હકીકતોની ન્યાયીક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબીત થાય છે તેમજ સાબીતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ કે મીલકતનું નિરીક્ષણ કોઈ મીલકતની હકીકતની સાબીતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ, સમગ્રપણે જોતાં સાબીતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબીતી શબ્દ પુરાવા કરતાં વિશાળ અર્થ ધરાવે છે અને સાબીતી એટલે અદાલત કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ પુરાવા અધિનિયમની કલમ–૩ મુજબ માને છે.

ફોજદારી કાર્યવાહી તથા દીવાની કાર્યવાહીમાં સાબીતીના બોજાની માત્રામાં તફાવત હોય છે. ફોજદારી કાર્યવાહીમા આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે, સંભવિતતાની અત્યંત ઉચી માત્ર

તે શ્રેષ્ઠ સાબીતી ગણાય તથા ગુનો સાબીત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે અને માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામા પક્ષ ઉપર ખસતો નથી. જયારે દીવાની કાર્યવાહીમાં સંભવિતતા પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબીતીનો બોજો સામા પક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામા ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે. આમ,દીવાની કાર્યવાહીમા 'PRE PONDERANCE OF PROBABILITY" ના સિધ્ધાંત મુજબ સાબીતીનો બોજો રહેલ છે.

ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ જોવામાં આવે તો તેમાં સાબીતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ''કોઈ પણ (વ્યકિત) ઈચ્છતી હોય કે, પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનુની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબીત કરવુ પડે.

જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબીત કરવા એક વ્યકિત બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે ,તે વ્યકિત ઉપર સાબીતીનો બોજો છે. ''

**(૧૧) મુદા નં–૧ ની ચર્ચા નીચે મુજબ કરવામા આવેલ છે.**

સદર મુદાઓ પુરવાર કરવાની જવાબદારી વાદી ઉપર રાખવામા આવેલ છે.અહી નામદાર ઉચ્ચ અદાલતના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેવા જરૂરી જણાતા હોય જે નીચે મુજબ છે.

***AGRICULTURE PRODUCE MARKET COMMITTEE V/S BHANDARI DHIRUBHAI 2008 (1) G.C.D.366***

***-Wherein it has been held that -" "Pleadings made by the party before the Court are required to be proved and substantiated by the party by producing and proving necessary evidence in support of such pleadings. Pleadings cannot take place of evidence. Pleadings are mere contentions raised by the party before the Court. Party is required to prove the same by leading proper evidence before the Court."***

(૧૧.૧) વાદી દવારા જણાવેલ છે કે, આ કામના પ્રતિવાદી અમો વાદી વીજ કંપનીના ગ્રાહક છે. જેમનો ગ્રાહક નંબર–૦૩૭૦૫૦૦૫૧૭૦ છે.જયારે પ્રતિવાદી દવારા

આંક–૦૯ થી જવાબ રજુ કરી સ્વીકારવામા આવે છે કે, વાદીની દાવા ના પેરા નંબર–ર ની હકીકતો બાબતે જણાવવાનુ છે કે, અમો વાદી સંસ્થાના ગ્રાહક છીએ તે હકીકત તથા અમારા ગ્રાહક નંબર બાબતે ખાસ તકરાર નથી. આમ પ્રતિવાદી દવારા એડમીટ કરવામા આવે છે કે તેઓ વાદી વીજ કંપનીના ગ્રાહક છે અને તેઓનો ગ્રાહક નંબર–૦૩૭૦૫૦૦૫૧૭૦ છે, આથી મુદા નંબર–૧ નો જવાબ "**હકારમા**" આપવામા આવે છે.

**(૧ર) મુદા નંબર–ર ની ચર્ચા નીચે મુજબ છે.**

***શું વાદી સાબીત કરે છે કે,વાદી કંપનીએ વીજ ચોરી શોધી કાઢવા તા ૦૩/૦૬/ર૦રર ના રોજ ટીમ બનાવેલ અને પ્રતિવાદીના ઘરે વીજ ચેકીગ દરમ્યાન તેઓના નિવાસ અને ઘરે પોળ પરથી ડાયરેકટ પીળા રંગનો ર કોર સર્વિસ વાયર ઘરની આગળથી પસાર થતી હળવા દબાણની ર કોર એ.બી.સી.પર જોડી સીધો લોડ બાજુના ફયુજ મા જોડી બાયપાસ કરી વીજ ચોરી કરી રંગે હાથો પકડાયેલ?***

સદર મુદા પુરવાર કરવા માટે વાદી ના વકીલ શ્રી દવારા પ્રતિવાદી ની આંક–૩૭ થી રજુ કરેલ સોગદનામા ને ઘ્યાને લઈ કરેલ ઉલટ તપાસ મા પ્રતિવાદી સ્વીકારે છે કે, **એ વાત ખરી છે કે, હુ ઘરકામ કરુ છુ. એ વાત ખરી છે કે જે દીવસે મારા ઘરે વીજ ચોરી પકડાઈ તે દીવસે જી.ઈ.બી. ના અધિકારી રૂબરૂ મારુ નીવેદન લેવામા આવેલ આ નિવેદન આંક–ર૪ થી રજુ કરવામા આવેલ છે તેમા મારી 'સહી છે.**

આમ હાલના આંક–ર૪ થી રજુ થયેલ દસ્તાવેજ ઘ્યાને લેતા તેમા પ્રતિવાદી નીર્મળાબેન નાઓનો નીવેદન છે અને તેમા તેઓની સહી છે અને તે પોતાની સહી અને નીવેદન તેઓની ઉલટ તપાસ મા કબુલ રાખે છે.આમ રેકર્ડ ઉપરના પુરાવા જોતા સદર કામે વાદી દવારા પ્રતિવાદી સામે કરેલા આક્ષેપો મુજબ પ્રતિવાદી પોતે ગ્રાહક હોવા છતા ગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથે ઝડપાયેલ હોવાના જે કથનો કરેલા છે, તે મુજબ દાવાના કથનો પુરવાર કરવાની જવાબદારી ભારતીય સાક્ષ્ય અધિનિયમન ર૦ર૩ ની કલમ– ૧૦૪ થી ૧૦૬ મુજબ વાદીની છે, આમ વાદી દવારા ઉપરોકત રજુ

કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી તે પુરવાર પણ કરેલ છે આથી મુદા નંબર–૨ નો જવાબ “**હકારમા**” આપવામા આવે છે.

(૧૩) **મુદા નંબર–૩,૪ અને ૫ એક બીજા સાથે સંકળાયેલ હોય હકીકતોનો પુનરાવર્તન ટાળવા એકી સાથે ચર્ચા કરવામા આવે છે.**

વાદી દવારા આંક–૧૩ થી ૨૫ સુધી ના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે પૈકી આંક–૧૫ થી રજુ થયેલ ડી.પી.સી. કેલ્કયુલેશન સીટ રજુ કરેલ છે , જે કોમપ્યુટર ઉપર તૈયાર કરવામા આવેલ હોવાનુ જણાય છે અને જે તૈયાર કરનાર કર્મચારીને આ કામે તપાસેલ નથી અને તૈયાર કરનાર ઈસમ દવારા ડી.પી.સી.કેલકયુલેશન માટેની ટ્રેનીગ મેળવેલ હોય,તેવો કોઈ આધાર પુરાવો રજુ કરેલ નથી કે સદર બીલ અને કેલ્કયુલેશન સીટ બનાવેલ હોય તે અંગે ભારતીય સાક્ષ્ય અધિનિયમન–૨૦૨૩ ની કલમ–૬૪ મુજબ નુ કોઈ પ્રમાણપત્ર તેવા બીલ અને કેલકયુલેશન સીટ સાથે તેના સમર્થનમા રજુ રાખેલ નથી જેથી તેવુ બીલ અને કેલ્કયુલેશન સીટ પુરવાર થતો નથી તેવા પ્રતિવાદી તરફે થયેલ કથનો માનવા યોગ્ય જણાય છે, આમ વાદી દવારા આંક–૧૩ થી ૨૫ ના જે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે કે જેમા આંક–૧૪ થી પ્રફોરમા નંબર–૧૨, આંક–૧૫ થી ડી.પી.સી ની કેલ્કયુલેશન સીટ, આંક–૧૬ થી સ્ટેટમેન્ટ, આંક–૨૦ થી પુરવણીબીલ ,આંક–૨૧ થી એનેક્ષર–સી રજુ થયેલ છે અને તેને આંક પડેલ છે પરંતુ વાદી દવારા તેના કનટેન્ટ તથા તેમા રહેલ આંકડા વાદી દવારા પુરાવો રજુ કરી પુરવાર કરી શકેલ નથી,તેવુ નામદાર કોર્ટનુ નમ્રપણે માનવાનુ છે. વધુમા વાદી તરફે રજુ થયેલ આંક–૧૩ થી ૨૫ સુધીના દસ્તાવેજો જે વાદી કંપનીના કર્મચારી ઓ દવારા તૈયાર કરેલ છે, તે દસ્તાવેજો માત્ર આંક પાડવાથી પુરવાર થતા હોવાનુ માની શકાય નહી,

વધુમા નામદાર ઉચ્ચ અદાલતે પોતાના ચુકાદા ***૧૯૯૮(૧) જી.એલ.એચ.પાન નં–૮૩૩ મા પ્રભાતભાઈ શંકરભાઈ પરમાર વિરૂધ્ધ મહીજીભાઈ નાનાભાઈ પરમાર*** ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તેમા જણાવેલ છે કે, પુરાવા અધિનિયમ ની કલમ–૩૬ અને ૮૩ મુજબ દસ્તાવેજો જે કર્મચારીઓ દવારા

બનાવવામા આવેલ હોય, તે પુરવાર કરવા જોઈએ, માત્ર તે દસ્તાવેજોને આંક આપવાથી તેને પુરવાર તરીકે ગ્રાહય રાખી શકાય નહી અને હાલના કામે પણ વાદી તરફે જે સ્ટેટમેન્ટ, આકારણી બીલ,ચેકીંગ સીટ,રોજકામ વગેરે દસ્તાવેજો રજુ કરેલ છે , તેને આંકે પાડવામા આવેલ છે ,પરંતુ તે સ્ટેટમેન્ટ, આકારણી બીલો, પુરવણી બીલો, ડી.પી.સી. કેલ્કયુલેશન,રોજકામ પુરવાર કરતો માની શકાય તેવો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી, જેથી દાવામા મહત્વના કહી શકાય તેવા સ્ટેટમેન્ટ, આકારણી બીલો, પુરવણી બીલો, ડી.પી.સી. કેલ્કયુલેશન,રોજકામ વગેરે ભારતીય સાક્ષ્ય અધિનિયમ -૨૦૨૩ મા કરવામા આવેલ જોગવાઈઓ મુજબ તેમજ રજુ થયેલ કોમ્પ્યુટરાઈઝ દસ્તાવેજો પુરવાર કરવા માટે ભારતીય સાક્ષ્ય અધિનિયમ ની કલમ-૬૩ મુજબનુ કોઈ પ્રમાણપત્ર રજુ રાખેલ ના હોય, તથા સદર દસ્તાવેજો બનાવનાર સાહેદ ને તપાસેલ ન હોય, સદર દસ્તાવેજો પુરવાર કરવા વાદી પક્ષ નિષ્ફળ ગયેલ હોવાનુ મારુ માનવુ છે.

વધુમા નામદાર ઉચ્ચ અદાલત દવારા પોતાના ન્યાયી ચુકાદા ***૧૯૯૧(૧) જી.એલ.એચ. પાન નંબર-૨૮૮ નો લખન સાઉ વિરૂઘ્ધ ઘરમુ ચૌઘરી.*** ના ચુકાદામા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ સિઘ્ધાંતોને ઘ્યાને લેવામા આવે તો તેમા નામદાર ઉચ્ચ અદાલતે પ્રસ્થાપિત કરેલ છે કે, ઈન્ડીયન એવીડન્સ એકટ ની કલમ-૧૦૧,૧૦૨ મુજબ સાબીતીનો બોજો વાદી ઉપર હોય ત્યારે પ્રતિવાદીએ પુરાવો આપવો નહી, અને જો પ્રતિવાદીએ પુરાવો આપેલ હોય તો તેને ઘ્યાને નહી લેવા પ્રતિવાદી જણાવી શકે નહી.જયારે બંને પક્ષે પુરાવો આપેલ હોય ત્યારે કેસના અંતમા પુરાવાનો બોજાનો પ્રશ્ન કોઈ મોટો અગત્યનો નથી,કોર્ટે સમક્ષ રજુ થયેલ પુરાવા ઉપરથી કોર્ટે નિર્ણય કરવાનો રહે છે, તે ચુકાદા સાથે સંમત છે, જે મુજબ ભારતીય સાક્ષ્ય અધિનિયમ-૨૦૨૩ ની કલમ-૧૦૪,૧૦૫ મુજબ દાવો પુરવાર કરવા પુરાવાનો બોજો વાદી ઉપર રહે છે અને વાદીએ પોતાનો દાવો સક્ષમ પુરાવાથી સાબીત કરવાનો રહે છે, આમ પ્રતિવાદી ગ્રાહક હોવા છતા કુલ કેટલા વોટસ ની વીજ ચોરી કરેલ છે તે વાદી દવારા રજુ થયેલ પુરાવાથી સાબીત થઈ શકેલ ન હોય, આમ વાદી દવારા રજુ થયેલ બીલ તથા તેમા રહેલ રકમ અને વીજ વોટસ વાદી દવારા સાચા છે તે સાબીત કરી

શકેલ ન હોય આથી તે રકમ અને વીજ વોટસ ખોટા છે તેમ કહી શકય. આથી મુદા નંબર– ૩,૪ નો જવાબ નકારમા અને મુદા નંબર–૫ નો જવાબ હકારમા આપવામા આવે છે.

<u>**મુદા નંબર–૬ અને ૭ ની ચર્ચા નીચે મુજબ છે.**</u>

(૧૪) વધુમા અહી નોધવુ અસ્થાને નથી કે, સદર કામે વાદીને હાલનો દાવો કરવા અને કાયદેસર ગ્રાહક દવારા કરવામા આવેલી ચોરી અને ગેરરીતી બાબતે બીલ ની રકમ વસુલ મેળવવા અધિકાર હોવા બાબતે કાયદા મુજબ ચર્ચા કરવામા આવે તો , આ કામના વાદી કંપની દવારા પ્રતિવાદી ઉપર વીજ અધિનિયમ ની કલમ–૧૩૫ મુજબ ફરીયાદ કરેલ હોવાના કથનો કરેલા છે અને તે અંગેના પુરાવા પણ આંક–૨૨ અને ૨૩ થી રજુ રાખેલા છે અને તે મુજબ જોવામા આવે તો વાદીએ હાલનો દાવો કલમ–૧૫૪(૫) ની જોગવાઈઓ મુજબ કરેલ છે. વીજ અધિનીયમન ની જોગવાઈ મુજબ કલમ–૧૨૬ અને ૧૩૫ મા તફાવત છે, જે ધ્યાને લેતા, વાદી કંપની એ નકકી કરવાનો હોય છે કે, વાદી કંપની એ નકકી કરવાનો હોય છે કે, પ્રતિવાદીએ બીનઅધિકુત વીજ વપરાશ કરેલ છે કે વીજ ચોરી કરેલ છે. ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૨૬ મુજબ જો વીજ વપરાશ કરેલ હોય તો વાદી કંપનીએ તેમા ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૨૭ મુજબ એપેલેટ ઓથોરીટી મા જવાનુ હોય છે અને જો તેમા કોઈ તકરાર લેવામા આવેલ ન હોય તો ,ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૫૬(૧) મુજબ તેનુ વીજ કનેકશન રદ કરવાનો હોય છે અને તે મુજબ ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૪૫ થી સિવીલ કોર્ટ આવો ચલાવી શકે નહી તેવો કાયદામા બાધ છે, અને જો ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૩૫ મુજબનો ગુનો કરેલ હોય તો,તેની ફરીયાદ ચોરી પકડાયેલ હોય ત્યારથી ૨૪ કલાકમા કરવાની રહે છે અને ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૩૫ મુજબ તે નામદાર સ્પેશીયલ કોર્ટ દવારા વીજ ચોરી થયેલ છે કે કેમ તે નિર્ણિત કરી ને બીલ ની સીવીલ જવાબદારી નકકી કરાશે અને તે હુકમ ને ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૫૪(૫) મુજબ દીવાની રાહે પણ વસુલ કરી શકાશે તેવી કાયદાની જોગવાઈ છે.

(૧૪.૧) આ કામે વાદી કંપની દવારા પ્રતિવાદી ઉપર ઈલેકટ્રીસીટી એકટ ની કમલ–૧૩૫

મુજબ ની ફરીયાદ દાખલ કરવામા આવેલ છે, જે આ કામે વાદીએ પોતાના પુરાવા આંક-૨૨, અને ૨૩ થી રજુ કરેલ છે,પરંતુ તે ફરીયાદ ના કામે હાલ શુ પરીસ્થિતી છે તે વાદી દવારા રજુ કરવામા આવેલ નથી.જો ઈલેકટ્રીસીટી એકટ ની કલમ-૧૩૫ ના કામમા ન્યાય નિર્ણય થવાનો બાકી હોય ત્યારે તે ફરીયાદ સંદર્ભે વાદી કંપની પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો દાવો કરી શકે નહી તેવુ નામદાર કોર્ટ નુ માનવાનુ છે.

વધુમા ઈલેસ્ટ્રીસીટી એકટ ની કલમ-૧૩૫ ની જોગવાઈ મુજબ સ્પેશીયલ કોર્ટ એ ગ્રાહક બીનઅધિકુત વપરાશ માટે જવાબદાર ઠરે ત્યારે બમણા રેટ સાથે ૧૨ માસ નુ બીલ વસુલ કરવાનો હુકમ કરી શકે છે અને જયારે ચોરીનો સમય નકકી ના થાય ત્યારે  તેવા વીજ બીલની સીવીલ જવાબદારી નકકી કરવાની હોય તો કલમ-૧૫૪(૫) મુજબ વાદીએ તે સિવીલ રાહે વસુલ કરવાની જોગવાઈ કરવામા આવેલ છે.પરંતુ જે ગુનામા આરોપીને તકસીરવાર ઠરાવેલ નહી અને ન્યાય નિર્ણય પેન્ડીગ હોય તે ગુના માટે સીવીલ કોર્ટ મા તેજ ગુના માટે પુરાવો લઈને વીજ ચોરી પ્રસ્થાપિત કરી શકાય નહી તેવુ કાયદાનુ ધોરણ છે અને જે યોગ્ય હોવાનુ મારુ માનવુ છે.વધુમા ઈલેકટ્રીસીટી એકટ ની કલમ-૧૩૫ મુજબ કલમ-૧૫૪(૫) ની જે જોગવાઈ છે તે મુજબ ઈલેકટ્રીસીટી એકટ ની જોગવાઈ મુજબ સ્થાપવામા આવેલી સ્પેશીયલ કોર્ટે એ સીવીલ લાયાબીટી નકકી કરવાની હોય છે અને જે બીલ વાદી કંપની દવારા આપવામા આવે  છે તે બીલ સ્પેશીયલ કોર્ટ દવારા નીર્ણિત કરેલ હોવુ જોઈએ.જે આ કામે સ્પેશીયલ કોર્ટ દવારા નિર્ણિત કરેલ હોય તેવો કોઈ પુરાવો રજુ કરેલ નથી.

(૧૪.૨) વધુમા આ કામે પ્રતિવાદી ના વિ.વકીલ શ્રી દવારા રજુઆત છે કે, નાયબ ઈજનેર શ્રી ને રૂ ૫૦,૦૦૦/-ની રકમ વસુલ કરવાની સત્તા  છે, જયારે હાલના કામે વાદી નાયબ ઈજનેર શ્રી વાલીયા નાઓ દવારા દાવાની રકમ રૂ ૧,૦૫,૨૪૮.૯૦/- પૈસાની રકમનો દાવો કરેલ છે. આમ હાલનો દાવો ડેપ્યુટી ઈન્જીનીયર દવારા કરવામા આવેલ છે જેથી વાદી દવારા પોતે રજુ કરેલ આંક-૧૩ ના દસ્તાવેજ થી વિરૂધ્ધ હાલનો દાવો કોઈ પણ સત્તા વગર ડેપ્યુટી ઈન્જીનીયર  દવારા કરવામા આવેલ હોવાનુ સ્પષ્ટ થાય છે,જેથી વાદીને હાલનો દાવો કરવાની સત્તા જ નથી તેવુ પણ

માનવાને કારણ છે, જેથી વાદી કોઈ દાદ મેળવવા હકકદાર નથી.

(૧૪.૩). આમ ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૫૩ મા ખાસ કોર્ટ ની રચના અંગેની જોગવાઈ કરેલ છે જેમા જણાવેલ છે કે રાજય સરકાર કલમ–૧૩૫ થી કલમ–૧૩૯ મા ઉલ્લેખ કરવામા આવેલ ગુનાની ઝડપી કાર્યવાહી કરવા માટે સરકારી ગેઝેટમા જાહેરનામુ પ્રસિઘ્ઘ કરાવીને જાહેરનામા ને નિર્દીષ્ટ કરવામા આવે તેવા વિસ્તાર અથવા વિસ્તારો માટે જરૂરી હોય તેટલી ખાસ કોર્ટો ની રચના કરી શકશે.અને જે મુજબ દરેક જીલ્લા ના એડીશનલ ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ સાહેબ તે ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૩૫ થી કલમ–૧૩૯ માટે ઝડપી ટ્રાયલ માટે નિમણુંક કરવામા આવે છે અને આ ખાસ કોર્ટ વીજ ચોરી શોઘ્યાની તારીખ થી અગાઉ ના બાર માસ સુઘી અથવા ચોરી ની ચોકકસ મુદત નકકી કરવામા આવે તો તે મુદત એ બે માથી ઓછી હોય તે માટે લાગુ પડતા ટેરીફ દરોના બે ઘણા બરાબરની રકમ કરતા ઓછી ના હોય તેવી વીજ ચોરી કરવા માટે નાણા ના સ્વરૂણમા ગ્રાહક સામે અથવા વ્યકિતની સામે દીવાની જવાબદારી નકકી કરી શકશે અને એવી જ રીતે નકકી કરેલ દીવાની જવાબદારી ની રકમ જાણે કે દીવાની કોર્ટ નું હુકમનામુ હોય તેમ વસુલ કરવામા આવશે.વઘુમા ઈલેકટ્રીસીટી એકટ ની કલમ–૧૩૫(૫) મુજબ સબબ ખાસ કોર્ટ હાલનો દીવાની દાવો દાખલ કરવાની પરવાનગી આપે તો જ દાવો દાખલ થવા પાત્ર છે પંરતુ હાલના દાવામા તેવી કોઈ પરવાનગી મેળવવામા આવેલ હોય તેવો પુરાવો રજુ થયેલો નથી. જેથી હાલનો દાવો દાખલ કરવા કાયદેસરનુ કારણ ઉત્પન્ન થયેલ જ નથી.જેથી વાદી પોતાના દાવા મા માંગ્યા મુજબ ની કોઈ દાદ મેળવવા અઘિકાર ઘરાવતા ન હોય મુદા નંબર–૬ નો જવાબ **“નકારમા”** આપી મુદા નંબર–૭ નો જવાબ **“આખરી હુકમ” મુજબ** આપવામા આવે છે.

:: આખરી હુકમ ::

(૧) વાદીનો હાલનો દાવો નામંજુર કરવામા આવે છે.

(૨) દાવાનુ ખર્ચે જે તે પક્ષકારોએ ભોગવવા હુકમ કરવામા આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તા ૦૧ મી માહે, જુલાઈ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલત મા વાંચી,સંભળાવી જાહેર કર્યો

| | |
|---|---|
| સ્થળ: વાલીયા.<br>તા.૦૧/૦૭ /૨૦૨૬ | (આદીલનવાજ.મોં.શફી સોની)<br>પ્રિન્સીપાલ સિવીલ જજ ,<br>અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફસ્ટ કલાસ.<br>વાલીયા.જી.ભરૂચ.<br>યુનિક જજ કોડ–જીજે૦૧૬૩૬ |